# કોરોનાનો વિકરાળ પંજો : જિલ્લામાં નવા ૧૨૦ કેસ

## કુડાસણમાં ૮ વર્ષના બાળક સહિત ગાંધીનગર ગ્રામ્યમાં ૨૩ કેસ, દહેગામમાં ૧૨ કેસ, કલોલમાં ૧૩ કેસ, માણસામાં ૧૮ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૨ માંથી ૧૫ કેસ, સે. ૩ માંથી ૭ કેસ, સે. ૨૭ માંથી ૫ કેસ, સે. ૨૨, ૧૪ અને સે. ૭ માંથી ૪-૪ કેસ, સે. ૪, સે. ૨૩, સે. ૫ અને બોરીજ ગામમાંથી 3-3 કેસ, ધોળાકુવામાંથી બે કેસ ઉપરાંત ઈન્દ્રોડામાંથી, સે. ૧ માંથી, સે. ૮ માંથી, જીઈબીમાંથી, સે. ૩૦ માંથી એક-એક કેસ મળી આવેલ આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં કોરોના બેફામ બની અને તેનો વિકરાળ પંજો જે રીતે વિસ્તારી રહ્યો છે તેનાથી જિલ્લાની પ્રજામાં ભય અને ગભરાટની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લામાં આજે કોરોનાના ૧૨૦ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૬૨ અને શહેરમાં ૫૮ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર સાવ હેબતાઈ જવા પામ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં નાના બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા લાગી છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણને પગલે ગ્રામ પંચાયતોએ સ્વયંભુ લોકડાઉનના નિર્ણયો લેવાના શરૂ કરી દીધી છે. ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાના સઘનીકરણની વાતોનો પરપોટો ફુટી જવા પામ્યો છે. જે ઝડપે કેસો વધી રહ્યા છે તેને લઈ ગ્રામીણ વિસ્તારમાં લોકો ભયથી કંપી રહ્યા છે.

દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિની બા રાઠોડે તો તાત્કાલિક ૫૦ બેડની હોસ્પિટલ શરૂ કરવા માટે પત્ર લખ્યો છે તો વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે રેમડેસિવિરના ઈન્જેકશન સી.એચ.સી.ને ફાળવવા પત્રો લખ્યો છે.

કલોલના કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ દવા, ઓકસીજન અને ઈન્જેકશનનો જથ્થો તાકીદે ફાળવવા તેમજ કલોલમાં ટેસ્ટીંગ વધારવાની માંગ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૨ કેસ, ગાંધીનગરમાં ૨૩ કેસ, કલોલમાં ૧૩ કેસ અને માણસામાં ૧૮ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે કુડાસણમાંથી ૮ વર્ષનું બાળક પણ સંક્રમિત થયેલુ જણાયુ છે.

જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગ્રામ્ય વિસ્તારમાં ચેપરેટ પણ વધવા પામ્યો છે. એન્ટીજન ટેસ્ટમાં કેટલા પોઝીટીવ આવ્યા તેની વિગતો જાહેર થતી નથી જ્યારે તેમને ડિસ્ચાર્જ આપવામાં આવે ત્યારે ખોટી સંખ્યા દર્શાવવામાં આવે છે પણ સાચા આંકડા જાહેર નહિ થતા હોવાથી ગ્રામીણ પ્રજામાં ભય વધુ ઘર કરી ગયો છે.

જિલ્લામાં આજે ૬ કર્મયોગી, સાત ખેડૂત, સાત વિદ્યાર્થીઓ સેક્રમિતોની યાદીમાં સમાવાયા છે.

દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાંથી ૨ કેસ ઉપરાંત ગમીજ, બારિયા, સિયાવાડા, ટીંબાની મુવાડીમાંથી એક-એક કેસ તેમજ કરોલી ગામેથી ૩ કેસ અને મોટા જલુન્દ્રા ગામેથી ૩ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં વાવોલ ગામેથી ૩ કેસ, જાખોરા ગામેથી ૪ કેસ, રૂપાલમાંથી ૨ કેસ, અડાલજમાંથી ૨ કેસ, કુડાસણમાંથી ૪ કેસ, પેથાપુરમાંથી ૨ કેસ, સરગાસણમાંથી ૨ કેસ મળી આવ્યા છે ઉપરાંત કોલવડા, નવા પાલજ, ઉવારસદ ગામમાંથી પણ એક એક મળી આવેલ છે.

કલોલમાંથી ૧૩ કેસ મળી આવેલ છે જેમાં કલોલ અર્બનમાંથી ૬ કેસ મળી આવ્યા છે. પાનસર ગામેથી ૩ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત આમજા, બિલેશ્વરપુરા, છત્રાલ, લિંબોદરામાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૧૮ કેસ મળી આવ્યા છે. માણસા તાલુકામાં સંક્રમણના કેસો વધતાં માર્કેટયાર્ડ ૨૨મી એપ્રિલ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માણસા તાલુકામાં જે રીતે કેસો મળી આવ્યા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

માણસાની જિલ્લા કલેક્ટર અને આરોગ્યના અધિકારીઓની ટીમે પણ મુલાકાત લઈ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે

● અનુસંધાન પાના - ૭ પર

## રેમડેસિવિર ઈન્જેક્શન અંગે કલેક્ટરે હૂકમો જારી કર્યા

રેમડેસિવિર ઈન્જેક્શન અંગે કલેક્ટરોને સત્તા આપવાના નિર્ણયને પગલે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે સાંજે જ એક હૂકમ કરી માત્ર હોસ્પિટલના અધિકૃત કર્મયોગીને જ આજ જથ્થો આપવામાં આવશે તેમ જણાવ્યુ છે.

રેમડેસિવિર ઈન્જેક્શન અંગે કરેલા હૂકમમાં કલેક્ટરે જણાવ્યુ છે કે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં ઉપલબ્ધ જથ્થા પૈકી તેમની જરૂરિયાત મુજબનો જથ્થો રિઝર્વ રાખ્યા પછી અન્ય બચત રહેતા જથ્થામાંથી ખાનગી હોસ્પિટલને પડતર કિંમતે ઈન્જેક્શનની ફાળવણી કરવાની રહેશે.

ઈન્જેક્શનની જરૂરિયાત અંગે ખાનગી હોસ્પિટલોએ દરરોજ સાંજે ૪ વાગ્યા સુધીમાં આ અંગે ઈ.મેઈલ મોકલવાનો રહેશે. મંજૂર જથ્થા અંગેની જાણ જે તે હોસ્પિટલને ઈ.મેઈલથી જ કરવામાં આવશે. ઈન્જેક્શન લેવા માટે હોસ્પિટલના અધિકૃત વ્યક્તીને સિવિલ ખાતે મોકલી આપવાનો રહેશે અને તેમણે બેંકમાં નાણાં જમા કરાવ્યાની રસીદ બતાવવાની રહેશે.

ખાનગી હોસ્પિટલોને પ્રો. રેટા બેલીઝના આધારે જથ્થો ફાળવવામાં આવશે. અગાઉ અપાયેલા ઈન્જેક્શનના ખાલી વાયલ જમા કરાવવામાં આવશે તો જ નવીન ઈન્જેક્શન આપવામાં આવશે. જિલ્લામાં આવેલા સ્ટોકિસ્ટો પાસેથી બેવડો જથ્થો લેવાયાનું ધ્યાને આવશે તો હોસ્પિટલ સામે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## આવો, આપણે સૌ આપણામાં પ્રેમ અને પ્રસન્નતા અકબંધ રહે એ માટે પ્રભુને પ્રાર્થના કરીએ...



ચૈત્રની બળબળતી બપોરે ગાંધીનગરમાં તમે કારમાં જઈ રહ્યા હો..અને મૃગજળથી છલકાતા માર્ગો પર તમારી બાજુમાં જ નીલગાયનું ટોળું આમ કતારબંધ રસ્તો ક્રોસ કરી રહ્યું હોય અને તમે આ દ્રશ્યને અંતરમાં ઉતારીને પ્રસન્નતા પામી રહ્યા હો તો એમ્બ્યુલન્સની કતારો અને તેના સાયરનની કિકિયારીની મજાલ છે કે તમને વિચલિત કરી શકે...!!!

વર્તમાન સ્થિતિ મન-હૃદયને વિચલિત કરી મૂકનારી છે. જ્યાં જોઈએ ત્યાં દુઃખ છે, પીડા છે. જે પણ સમાચારો સાંભળીએ છીએ એ આપણને ઉદાસ અને ચિંતાગ્રસ્ત કરી મૂકે એવા છે...

આવી પરિસ્થિતિમાં આપણા મનની શાંતિમાં ખલેલ ન પડે એ અનિવાર્ય છે.. દિલમાં પ્રેમ જળવાઈ રહે એ જરૂરી છે.. હૃદયની પ્રસન્નતા અકબંધ રહે એ આવશ્યક છે...

પણ કેવી રીતે ?

સતત-અવિરત-એકધારા જળપ્રવાહ સામે પાષાણ પણ ખંડિત થઈ શકે છે એટલે આવી પરિસ્થિતિમાં ટકી રહેવું અઘરું છે, છતાં અસંભવ નથી. આપણે મજામાં રહેવાનું છે, પ્રેમાળ રહેવાનું છે, પ્રસન્ન રહેવાનું છે...પીડા સામે લડવાનો પ્રાથમિક અને અકસીર ઈલાજ એટલે જ પ્રેમ અને પ્રસન્નતા...કોઈપણ સંજોગોમાં આપણે પ્રેમ અને પ્રસન્નતા ખોવાના નથી...

જ્યારે પ્રારબ્ધ અને પુરુષાર્થનો પનો ટૂંકો પડે તારે પ્રાર્થના કારગત નીવડે છે... એટલે પ્રેમ અને પ્રસન્નતા માટે પ્રાર્થના ખૂબ જરૂરી છે.

## શહેરમાં મોતનું તાંડવ, ૨૩ના અંતિમ સંસ્કાર

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર રાજયમાં કોરોના કેસની સંખ્યા કુદકે ને ભુસકે વધી રહી છે. રાજયમાં મંગળવારના રોજ પણ કોરોનાના અધધ ૭૪૧૦ દર્દીઓ નોંધાયા છે. જેમાં ૭૩ દર્દીઓ મૃત્યું પામ્યા છે. ત્યારે પાટનગરમાં ગાંધીનગરમાં પણ કોરોના કેસની સંખ્યા રોકેટ ગતિએ વધી રહી છે. ગાંધીનગરમાં કોરોનાના ૧૨૦ કેસ સામે આવ્યા છે. ત્યારે મૃતકોની સંખ્યાનો આંકડો પણ ચિંતાજનક છે. કોરોનાની સારવાર દરમિયાન છેલ્લા શ્વાસ લીધા હોય તેવા ૨૩ દર્દીઓના અંતિમ સંસ્કાર કરાયા છે. જેમાં મુકિતધામ ખાતે ૧૯ અને ૪ કોરોના દર્દીના સરગાસણ રૂદ્રભુમિ ખાતે અંતિમવિધી કરાઈ હતી. ત્યારે સિવિલમાં હાલની સ્થિતિએ પણ ૪૨૫ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. શહેરના મુકિતધામ ખાતે પણ મૃતદેહોની લાઈન લાગી છે. અંતિમવિધી માટે પણ ૩ થી ૪ કલાક બેસવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

ગાંધીનગર શહેરના સરગાસણ અને મુકિત ધામ ખાતે ખાતે કુલ- ૪૦ મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તે પૈકી ૨૩ દર્દીઓએ કોરોના બિમારીને લીધે અંતિમ શ્વાસ લીધા હતા. જયારે ૧૭ અન્ય મૃતદેહના અંતિમ સંસ્કાર કરાયા છે. માત્ર એક જ દિવસમાં મૃતકોની વધતી જતી સંખ્યા જોઈને સૌ કોઈ ચોંકી ઉઠયા છે. બુધવારના રોજ ગાંધીનગરમાં પણ કોરોના ૧૨૦ કેસ નોંધાયા છે. જેમાં ૬૨ કેસ ગ્રામીણ વિસ્તારના છે. તો ૫૮ કેસ શહેરી વિસ્તારના નોંધાયા છે. કોરોના વધતા સંક્રમણને પગલે નગારીકો પણ ભયભીત બન્યા છે. સિવિલમાં કોરોનાના ૪૨૫ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. શહેરની ખાનગી હોસ્પિટલોની પણ આ પ્રકારની જ પરિસ્થિતિ જોવા મળી રહી છે. દર્દીઓના સગાઓને દવા અને ઈન્જેકશન મેળવવા માટે દોડવુ પડે છે. ત્યારે કોરોના કહેર દિવસે ને દિવસે વધતો જાય છે. કોરોના અજગરી ભરડો લઈ પાટનગરને ડરાવી રહ્યું છે. ત્યારે તંત્ર દ્વારા પણ કોરોનાને કાબુમાં કરવા માટે મથામણ ચાલી રહી છે.ત્યારે હવે તો અંતિમધામ ખાતે પણ મૃતદેહોની લાંબી લાઈનો લાગી રહી છે અને અંતિમ વિધી માટે પણ ૩ થી ૪ કલાક રાહ જોવાનો વારો આવ્યો છે.

## આજથી આરંભાતી ધો.૧૦ની પ્રેક્ટિકલ પરીક્ષા મોકૂફ

દેશભરની સાથે રાજ્યમાં પણ કોરોનાનો કહેર વધી રહ્યો છે. ત્યારે બોર્ડના વિદ્યાર્થીઓ એક તરફ મહેનત કરી રહ્યાં તો બીજી તરફ પરીક્ષા ક્યારે લેવાશે અને કેવી રીતે લેવાશે તેની પર ઘણાં પ્રશ્નચિહ્નો છે. હાલ ગુજરાતનાં શિક્ષણ વિભાગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ધો. ૧૦ બોર્ડના વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા પાછળ ખસેડવામાં આવી છે. મુખ્ય પરીક્ષા પૂરી થયાના ૩ દિવસમાં સ્કૂલોએ પ્રેક્ટિકલ પરીક્ષા લેવાની રહેશે. પહેલા ૧૫ એપ્રિલથી ૩૦ એપ્રિલની વચ્ચે પ્રેક્ટિકલ પરીક્ષા લેવાવવાની હતી. શિક્ષણ વિભાગના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, શાળા કક્ષાના વિષયની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષાઓ તારીખ ૧૫-૦૪-૨૧થી ૩૦-૦૪-૨૧ના સમયગાળાને બદલે શાળાઓએ આ પરીક્ષા એસ.એસ.સી બોર્ડની મુખ્ય પરીક્ષા પૂર્ણ થયા બાદ તરત જ ત્રણ દિવસમાં લેવાની રહેશે. આ બાબતની અન્ય સૂચનાઓ યથાવત રહેશે. હવે મેની ૧૦મી તારીખથી ધોરણ ૧૦ની બોર્ડની થીયરીની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. તો ચર્ચા એવી પણ થઈ રહી છે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે તો આ પરીક્ષાઓ જૂન મહિનામાં પણ લેવાઈ શકે છે. જોકે, આ અંગે શિક્ષણ વિભાગે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓની તારીખ જાહેર કરી દીધી છે.

## શહેરમાં મોડીરાત્રે ગગનભેદી વિજકડાકાથી નાગરિકોમાં ફફડાટ

### મંગળવારે મોડીરાત્રે અચાનક જ વાતાવરણ પલ્ટાના લીધે આકાશી નઝારો બદલાયો : આક્રમક વિજકડાકાના લીધે સેકટરવાસીઓ ઉંઘમાંથી જાગી ગયા : કેટલાક ઠેકાણે વરસાદના છાંટણા પડયા

શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ઉંચે



ચઢી રહ્યો છે. બે દિવસ અગાઉ સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના અંતે પણ મહત્તમ તાપમાન હજુ ૪૦ ડીગ્રીને પાર જ જોવા મળે છે. ત્યારે મંગળવારની મોડી રાત્રે અચાનક જ આકાશમાંથી ગગનભેદી વિજકડાકા થતા પલવાર માટે સેકટરવાસીઓ હેબતાઈ ગયા હતા. અસહ્ય વિજકડાકાના લીધે નાગરિકો ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા.પલવારના વાતાવરણ પલ્ટાથી બેઘડી નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો હતો.

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર રહે છે. જયારે દિવસની આક્રમક ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. બે દિવસ અગાઉ ૪૨.૨ ડીગ્રી સાથે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી પણ નોંધાઈ હતી. ત્યારે આક્રમક ગરમી વચ્ચે ગઈકાલે દિવસ દરમિયાન વાતાવરણમાં બદલાવ પણ જોવા મળ્યો હતો પલવાર માટે વાદળિયુ વાતાવરણ પણ સર્જાય હતુ જયારે મોડી રાત્રે પણ વાતાવરણમાં નાટયાત્મક બદલાવના લીધે અસહ્ય વિજકડાકાથી ગગન ગાજયુ હતુ. મોડીરાત્રે વિજળીના ગગનભેદી કડાકાથી નાગરિકો ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. હળવા પવન સાથે વિજળીના ચમકારા થતા આકાશી નઝારો બદલાયો હતો. વિજકડાકા વચ્ચે ગમે ત્યારે વરસાદ થવાના પણ એંધાણ વર્તાયા હતા પરંતુ કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા થયા બાદ વાતાવરણ ચોખ્ખુ થઈ ગયુ હતુ. આજે દિવસ દરમિયાન વાતાવરણમાં ઉઘાડ જોવા મળ્યો હતો દિવસના આકરાના તાપના લીધે ગરમીનુ જોર વધુ રહ્યુ હતુ. રાત્રિના વાતાવરણ પલ્ટાની સવારે અસર જોવા મળી ન હતી જયારે મોડીરાત્રએ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે સેકટરવાસીઓ ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા કોરોનાના હોમ આઈસોલેશમાં રહેતા દર્દીઓની ઉંઘમાં પણ વિજકડાકાના લીધે ખલેલ પહોંચી હતી.

## અંતિમ સંસ્કાર વધવાના લીધે સ્મશાનની ચીમનીમાં તિરાડ

કોવિડ-૧૯ના કેસોમાં વધારા દરમિયાન સળગતી સ્મશાનની ચીમનીઓ પણ ગરમીનો અનુભવ કરી રહી છે. સોમવારે, વાડજ સ્મશાનમાં આવેલી ઈલેક્ટ્રિક ભઠ્ઠી પરની ચીમની, જે મૃતદેહોના વધારાને સંભાળી રહી છે, તેમાં રાત-દિવસ ચાલુ રહેવાના કારણે વધારે તાપના લીધે તિરાડો પડી ગઈ હતી. ભઠ્ઠીને થોડા કલાક માટે બંધ રાખવામાં આવી હતી અને ચીમનીને સમારકામ માટે નીચે લાવવામાં આવી હતી. ભઠ્ઠી અને ચિતા પર ચારથી પાંચ મૃતદેહોના અંતિમ સંસ્કારની સામે, સ્મશાનમાં છેલ્લા કેટલાક દિવસથી રોજના ૨૦ જેટલા મૃતદેહોના અંતિમ સંસ્કાર થઈ રહ્યા છે. સતત તાપના કારણે મિશ્રિત ધાતુમાંથી બનાવવામાં આવેલી ચીમનીના અંદરના ભાગમાં તિરાડ પડવા લાગી હતી. તેથી તેને સમારકામ માટે નીચે લાવવામાં આવી હતી', તેમ એક અધિકારીએ નામ ન જણાવવાની શરતે કહ્યું હતું. મહામારીના કારણે શહેરમાં મૃત્યુઆંક વધ્યો છે અને સ્મશાનગૃહો ૨૦૨૦ કરતાં પણ વધારે વ્યસ્ત છે. વાડજમાં આવેલું સ્મશાન એક માત્ર એવું નથી જ્યાં ચીમનીનું સમારકામ કરવામાં આવ્યું હોય, નરોડા પાસે આવેલા ચામુંડા સ્મશાનમાં પણ આ જ કારણથી સમારકામ માટે ચીમની નીચે ઉતારવામાં આવી હતી.




**ટેલીફોનિક બેસણું**

મારા પુત્રશ્રી **સ્વ. બળદેવગીરી ઈન્દ્રગીરી અતિત** નું તા.૧૨-૪-૨૧ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્દગતનું ટેલીફોનિક બેસણું / સુતક તા.૧૫-૦૪-૨૦૨૧ને ગુરૂવારે સવારે ૯ થી ૫ કલાકે રાખેલ છે

ઈન્દ્રગીરી જગતગીરી અતિત (પિતા) મો. ૯૪૨૮૪ ૭૬૬૯૯
જયદેવગીરી ઈન્દ્રગીરી અતિત (ભાઈ) મો.૯૮૯૮૯ ૯૫૮૩૬
લક્ષ્મણગીરી ઈન્દ્રગીરી અતિત (ભાઈ) મો.૯૫૮૬૯ ૪૧૩૦૦
શીવગીરી જગતગીરી અતિત (મોટાબાપા)
વિભુગીરી જગતગીરી અતિત (કાકા)
રમેશગીરી જગતગીરી અતિત (કાકા)
મુકેશગીરી જગતગીરી અતિત (કાકા)
રહે. : પ્લોટ-૩૭૩,સેક્ટર-૧/સી,ગાંધીનગર વતન : ગામ-બુઢનપુર,તા.થરાદ,જી.બનાસકાંઠા



**ટેલિફોનિક બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી
**રાજેન્દ્રકુમાર કનૈયાલાલ પંચોલી**નું
તા. ૧૩-૪-૨૦૨૧ને મંગળવારના રોજ
દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું.

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્દગતનું ટેલિફોનિક બેસણું તા. ૧૫-૪-૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાખેલ છે.

ગં.સ્વ. ઈલાબેન રાજેન્દ્રકુમાર પંચોલી

લિ.
રોહિત કે. પંચોલી (ભાઈ) મો. ૯૪૨૬૩ ૭૬૬૮૯
જયેશ કે. પંચોલી (ભાઈ) મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
સ્વપ્નીલ જે. પંચોલી (ભત્રીજો)
અંકિત રાજેન્દ્રકુમાર પંચોલી (પુત્ર) મો. ૭૫૬૭૧૧૪૫૩૬
દેવાંશી પિન્કલકુમાર મહેતા (પુત્રી) મો. ૯૦૧૬૧૩૫૦૪૯

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત તારીખે અને સમયે રાખેલ છે.
સ્વ. મુકુન્દરાય કમળાશંકર યાજ્ઞીક પરિવાર
મો. ૯૪૦૮૭૪૯૮૯૪ (ઘનશ્યામભાઈ), મો. ૯૬૬૨૫૫૨૨૭૫ (હરેશભાઈ)

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



હે ઈશ્વર તારા ખજાનાને એવી તે શી ખોટ પડી કે, અમારા પરમ સહાધ્યાયી 'બકા'ને દૂર છીનવી લીધો.
પ્રભુ તેના દિવ્ય આત્માને શાંતિ આપે...

સ્વ. બકુલ જોશી

૧૯૮૫ - એસ.એસ.સી. બેચ - શેઠ સી. એમ. હાઈસ્કૂલ (કડી સ્કૂલ), સેક્ટર-૨૩, ગાંધીનગર

| | | | |
|---|---|---|---|
| કાર્તિક પટેલ | વત્સલ વોરા | ડો. નિતેષ શાહ | હિતેષ ફલ્ડુ |
| દર્પણ બુચ | ડો. ઉમેશ પટેલ (U.S.A.) | વિપુલ પટેલ | સમીર સુશીલ |
| ચંદ્રભાણ ગઢવી | યોગેશ પટેલ | પારસ દોશી | ડો. પરાગ શાહ |
| ડો. અંજના સોની | ધર્મેન્દ્ર દોશી | મહેન્દ્ર વડોદરીયા | રાજેશ કોઠારી |
| પ્રશાંત ઓઝા | હિમાંશુ ચાવડા | સંજય પાટીલ | વૈદ્ય તુષાર શાહ |
| કેતન કલ્યાણી | ઉત્પલ દિક્ષીત (U.S.A.) | કમલેશ શ્રીમાળી | જીતેન્દ્ર રાઓલ |
| અરવિંદ પટેલ | દિલીપ શાહ | રાજેશ દેસાઈ | |


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com